# ૮ ચોટી મુંડો ઘૂઘૂઘૂ


B9W9H6

## ચાલો, ગાઈએ ગીતડું :

નાનાં અમથાં આજ ભલે ને, કાલે મોટાં થાશું;
અમે તો ગીત ગુલાબી ગાશું!
કળી-કળીનાં ફૂલ થાય ને બુંદ-બુંદનો દરિયો!
નાની અમથી વીજ ચમકતી આભે થઈ ચાંદલિયો;
મસ્ત થઈને અજાણ પંથે અમે એકલાં જાશું;
અમે તો ગીત ગુલાબી ગાશું!
નાનકડી કેડીનો થાતો મારગ કેવો મોટો;
એવાં મોટાં થઈશું કે નહિ જડે અમારો જોટો!
હશે હોઠ પર સ્મિત; આંખમાં કદી હોય નહિ આંસુ,
અમે તો ગીત ગુલાબી ગાશું!

- સુરેશ દલાલ

## ધ્યાનથી જુઓ અને તફાવત લખો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

⬡ **વાર્તા વાંચો.**

## અઠેગઠે અક્કલવીર

વિદ્યાચતુર નામે એક પંડિત હતા. તેમને પોતાની ચતુરાઈનું ખૂબ અભિમાન હતું. એક વખતની સભામાં બધાએ તેમને મહાપંડિત કહ્યા.

એક પંડિત : મુંડાપુરમાં બે ચતુર પુરુષો છે. તે બંનેને જીતે તે જ ખરો વિદ્યાવાન કહેવાય. બાકી કોઈ વિદ્યાવાન ચતુરોએ પોતાની બડાઈ હાંકવી નહીં.

વિદ્યાચતુર : હું ખોટી બડાઈ હાંકું છું એમ તમે કહો છો? ચતુરાઈમાં અમને કોઈ જીતી શક્યું નથી. હવે તો એ ચતુર પુરુષોને હરાવું તો જ હું પંડિત વિદ્યાચતુર ખરો, નહિતર મારું નામ બદલી નાખું. હું ખરેખરો ચતુર છું, બુદ્ધિશાળી છું. ગમે તેવી સમસ્યાનો ઉકેલ આપી જ દઉં.

વિદ્યાચતુર તો બીજા જ દિવસે ઊપડ્યા ચતુર પુરુષોને જીતવા ને પહોંચી ગયા મુંડાપુર. આ તરફ બીજા દિવસે છકોમકો પણ પહોંચ્યા રાજ્યસભામાં ને બિરાજ્યા પોતાના આસન પર. સભાજનોએ 'ચતુર પુરુષો કી જય' બોલીને સભા ગજવી મૂકી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

પ્રધાનજી : હે ચતુર પુરુષો! મહિસૂરનગરના પંડિત તમને એક પ્રશ્ન પૂછવા આવ્યા છે.

પ્રશ્નની વાત સાંભળતાં જ મકાભાઈનું માથું ભમી ગયું અને છકાભાઈના છક્કા છૂટી ગયા. છકાએ મકા સામે જોયું. મકાએ છકા સામે જોયું.



પ્રધાનજી : અમારા ચતુર પુરુષો તૈયાર છે, પૂછો પ્રશ્ન.

વિદ્યાચતુર : કહો જોઈએ, આ કોયડાનો સાચો ઉત્તર શો?



**દેખે નહિ તે જોતો જાય,**
**નહિ ચાલતો દોડ્યો જાય;**
**એકમાં એક જો ભળે,**
**તો તે નક્કી એક જ થાય.**

સૌ ચતુર પુરુષોના જવાબની રાહ જોતા હતા. માત્ર છકોમકો જ જાણતા હતા કે પોતે દર વખતે અઠેગઠે સાચાખોટા ઉત્તરો આપીને 'ચતુર પુરુષો' કહેવાવા માંડ્યા હતા.

મકો : આજે ઉત્તર નહિ આપીએ.

છકો : અમે કાલે ઉત્તર આપીશું.

છકાભાઈ ચોટીચતુર અને મકાભાઈ મુંડાચતુર, બેઉ ઉપાધિમાં પડી ગયા. રથ લઈ પોતાના મહેલમાં પહોંચ્યા.

છકો : મકા, મારી તો છાતી ફડક ફડક થાય છે. આપણે એ કોયડાનો ઉત્તર શી રીતે આપીશું?



મકો : ઉત્તર તો ભઈ, હમણાં આપી દઉં; પણ હું તો પંડિતનો કોયડો જ ભૂલી ગયો. હવે બીજો કોઈ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

મકો : એક તો સાત મણ વજનનું શરીર લઈને ચાલવું ને ઉપરથી મણ એકનું પોટલું ! મારાથી નહિ ઊંચકાય. બે પોટલાંનું એક કરી નાખ અને ઉપાડજે તું.



થોડીવાર પછી છકામકાને વારાફરતી અડધોઅડધો કોયડો યાદ આવ્યો. વિચાર્યું કે પંડિતે એમને બેવકૂફ બનાવવા માટે જ આવો ખોટો કોયડો પૂછ્યો છે.

મકો : તો બસ, આપણે સભામાં જઈને કહીએ કે વિદ્યાચતુરે પૂછેલો કોયડો ખોટો છે.


છકો : એવો ઉત્તર આપવાથી રાજા આપણને સાચો કોયડો પૂછશે. આપણે એવું નથી કરવું. આપણે ભાગવું છે.



રાત પડી ને છકામકાભાઈ તો પોટલું લઈને ભાગ્યા. મકો ધીમેધીમે ને છકો જાય તડામાર. ઉતાવળા સો બાવરા. છકાને ઠેસ વાગી. પોટલું પકડવા જતાં છકો પડ્યો નીચે. ખારવાળી ધૂળ તેની આંખમાં ભરાઈ ગઈ.

છકાએ મકાને જોરથી બૂમ પાડી : ઓ મકલા રે... દોડ ઝટ. મારી આંખો ફૂટી ગઈ. હવે મારાથી દેખાશે નહિ.

મકો : હું તને દોરીશ. તું મારી પાછળ પાછળ ચાલ્યો આવ.



થોડે દૂર ગયા ત્યાં વળી મકાને ઠેસ વાગી. બાજુમાં પડેલા પથ્થર સાથે મકાનો ગોઠણ ભટકાયો. હાડકું ભાંગ્યું હોય એવી પીડા તેને થવા માંડી.


મકો : ઓ છકલા રે... મારો પગ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ઉકેલ સૂઝી ગયો. બંને પાછા વળ્યા અને કોઈ જુએ નહિ એમ પાછલા બારણેથી પોતાના મહેલમાં ઘૂસી ગયા. સોનામહોરનું પોટલું સાચવીને પાછું મૂકી દીધું.

મકાભાઈને ગોઠણમાં વાગેલું. સાત મણના મકાભાઈને ઉપાડીને છકાભાઈની પીઠ દુઃખતી હતી. બેય પલંગમાં પડ્યા તેવા ઊંઘી ગયા. જાગવામાં મોડું થયું. આ તરફ રાજસભામાં બેયના આવવાની રાહ જોવાતી હતી.

વિદ્યાચતુર : આવે શું ખાખ! હું પંડિત મહિસૂરનગરનો, મારા કોયડાનો ઉત્તર કોઈથી અપાય નહિ.



છકામકાભાઈ ઊઠ્યા. ઝટપટ દાતણપાણી કરી રાજસભામાં પહોંચ્યા.

છકો : ક્યાં છે પેલા બેવકૂફ...!

રાજા : પ્રધાનજી, વિદ્યાચતુરને ઊભા કરો.

છકો : શો હતો તમારો કોયડો? પેલા દેખતા ને નહિ દેખતાનો?

વિદ્યાચતુરે ફરીથી કોયડો કહ્યો :


**દેખે નહિ તે જોતો જાય,**
**નહિ ચાલતો દોડ્યો જાય;**
**એકમાં એક જો ભળે,**
**તો તે નક્કી એક જ થાય.**

છકો ખડખડાટ હસ્યો.

છકો : હા, આ તો સહેલું છે. કોઈકને દેખાતું ન હોય ને કોઈકથી ચલાતું ન હોય. હવે, જો ચલાતું ન હોય એ દેખાતું ન હોય એના ખભે બેસી રસ્તો બતાવે તો પેલો દેખતો થઈ ગયો હોય એમ રસ્તો કાપે. એ જ રીતે નહોતું ચલાતું એય દોડતો હોય એમ ભાગે. બોલો. ખરી વાત કે નહિ!

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

બોલો, ખરી વાત કે નહિ!



વિદ્યાચતુર પીળા પડી ગયા. કોયડાનો જવાબ સાચો હતો. સભાએ ચતુર પુરુષોની જય બોલાવી. રાજાએ છકામકાભાઈને થાળ ભરીને સોનામહોર ભેટ આપી. સભા પૂરી થઈ. બંને રથમાં બેસી પોતાના મહેલમાં પાછા આવ્યા.

છકો : મકા, હવે ફરી કોઈ ઉપાધિ આવશે તો!

મકો : તો શું! રાત છે આપણા...

છકોમકો : બાપની...!

- જીવરામ જોષી

- **વાતચીત :**
  - તમને વાર્તામાં શું ગમ્યું?
  - ચતુર કોને કહેવાય?
  - તમે મહાપંડિત હો તો ચતુર પુરુષોને કયો પ્રશ્ન પૂછો?
  - તમને છકામકામાંથી કોનામાં વધારે બુદ્ધિ હોય એમ લાગે છે? કેમ?
  - તમારા શિક્ષક ભણાવતાં ભણાવતાં તમને પ્રશ્ન પૂછે ત્યારે તમને કેવું લાગે છે?
  - 'પતરંગો'માં આવેલાં ઉખાણાંમાંથી જેટલાં યાદ હોય તેટલાં વર્ગમાં પૂછો.

**(અ) અને (બ) વિભાગની લાગુ પડતી બાબતો જોડો.**

| (અ) | (બ) |
|---|---|
| મુંડાપુર | મુંડાચતુર |
| પ્રશ્ન | ચતુર પુરુષો |

| (અ) | (બ) |
|---|---|
| સોનામહોર | પંડિત |
| વિદ્યાચતુર | રાજાનો વિશ્વાસુ |

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાક્યો વાંચો. લીટી દોરેલ શબ્દના અર્થ જેવો જ અર્થ થતો હોય તેવું વાક્ય ઉપરથી શોધીને લખો.

- બાકી કોઈ વિદ્યાવાન ચતુરોએ પોતાની બડાઈ હાંકવી નહિ.
- હું તને દોરીશ. તું મારી પાછળ પાછળ ચાલ્યો આવ.
- મકા, હવે ફરી કોઈ ઉપાધિ આવશે તો!
- હું ખરેખરો ચતુર છું.
- મકો ધીમેધીમે ને છકો જાય તડામાર.

૧. હેમંતભાઈ તો કોઈપણ મુશ્કેલી ઉકેલી આપે તેવી બુદ્ધિવાળા છે.

___

૨. કેટલાક લોકોને પોતાનાં વધારે પડતાં વખાણ કરવાની આદત હોય છે.

___

૩. દેવાંશે પેપર ઝપાટાબંધ લખી નાખ્યું, ધીમેધીમે એ લખે જ નહીં.

___

૪. હું તને રસ્તો બતાવું તેમ તેમ તું આગળ વધજે.

___

૫. મુશ્કેલી આવી પડે તો એમાંથી નીકળવાનો રસ્તો શોધવાનો, બીજું શું!

___

## વાક્ય વાંચો અને સમજો. તેના આધારે આપેલા વાક્યોમાંથી જે ખરું હોય તેની આગળ ( )માં ✓ કરો અને જે ખોટું હોય તેની આગળ ( )માં x કરો.

- માત્ર છકોમકો જ જાણતા હતા કે પોતે દરવખતે અઠેગઠે સાચાખોટા ઉત્તરો આપીને 'ચતુર પુરુષો' કહેવાવા માંડ્યા હતા.

( ) છકોમકો ચતુર પુરુષો હતા.

( ) છકોમકો ચતુર પુરુષોને ઓળખતા હતા.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## જવાબ આપો.

૧. શું છકોમકો ખરેખર ચતુર હતા? તમે શાને આધારે કહી શક્યા?
૨. સભાજનોએ ચતુર પુરુષોની જય કેમ બોલાવી હશે?
૩. પ્રશ્નની વાત સાંભળીને છકામકાએ એકબીજાની સામે કેમ જોયું હશે?
૪. છકાએ બીજા દિવસે જવાબ આપવાનું કેમ કહ્યું હશે?
૫. છકાની આંખો ફૂટી ગઈ, મકાનો પગ તૂટી ગયો, પછી તે બંનેએ ચાલવા માટે શો ઉપાય કર્યો?
૬. છકોમકો પોતાના જ મહેલમાં કોઈ જુએ નહિ એ રીતે કેમ ઘૂસ્યા હશે?
૭. છકાએ વિદ્યાચતુરને બેવકૂફ કેમ કહ્યા હશે?

## કૂદીને માથા પર તાળી પાડો. આવી પાંચ તાળી પાડ્યા પછી સમાન અર્થ ધરાવતાં વાક્ય વાર્તામાંથી શોધીને લખો.

૧. મુંડાપુરના ચતુર પુરુષોને હરાવે તે જ હોશિયાર કહેવાય.
મુંડાપુરમાં બે ચતુર પુરુષો છે. તે બંનેને જીતે તે જ ખરો વિદ્યાવાન કહેવાય.

૨. પ્રશ્નનું નામ સાંભળીને છકોમકો ઢીલાઢસ થઈ ગયા.
______________________________

૩. છકામકાને ચિંતા થવા માંડી.
______________________________

૪. હું આટલો જાડો ને વળી આટલું મોટું પોટલું!
______________________________

૫. થોડુંક છકાને યાદ આવ્યું ને થોડુંક મકાને.
______________________________

૬. છકો ઝડપથી ચાલે ને મકો શાંતિથી.
______________________________

૭. છકોમકો સંતાતા સંતાતા પોતાના ઘરમાં પાછા આવ્યા.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **ચાલો, ગાઈએ ગીતડું : નાનાં અમથાં આજ ભલે ને...**

**જવાબ લખો.**

૧. વિદ્યાચતુરનું અભિમાન દર્શાવતું કોઈ એક વાક્ય વાર્તામાંથી શોધીને લખો.
૨. પોતે ઉપાધિમાં પડી ગયા છે એવું છકામકાને કેમ લાગ્યું?
૩. બીજા દિવસે જવાબ ન આપવો પડે તે માટે છકામકાએ શું વિચાર્યું?
૪. છકાએ સોનામહોરનાં પોટલાં કેમ બાંધ્યાં?
૫. મકાએ બે પોટલાંનું એક પોટલું કરી નાખવાનું કેમ કહ્યું?
૬. છકાને દેખાવાનું બંધ કેમ થઈ ગયું?
૭. મકાને પગમાં પીડા કેમ થતી હતી?

**છકામકાને જવાબ કેવી રીતે મળ્યો?**



| સવાલ શો હતો? | છકામકા સાથે શું થયું? | સભામાં છકામકાએ શો જવાબ આપ્યો? |
|---|---|---|
| જે દેખતો ન હોય, જુએ કેવી રીતે? | | |
| ચાલી ન શકે એ દોડે કેવી રીતે? | | |
| એકમાં એક ઉમેરીએ તો એક કેવી રીતે થાય? | | |

**વાક્યોને વાર્તાની ઘટના મુજબનો ક્રમ આપો.**

(   ) છકોમકો સોનામહોર લઈને ભાગ્યા.
( ૪ ) લોકો ચતુર પુરુષોના જવાબની રાહ જોતા હતા.
(   ) વિદ્યાચતુરે કોયડો પૂછ્યો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ચિત્ર જુઓ, વાક્ય વાંચો. જગ્યા બતાવતા શબ્દ નીચે લીટી દોરો.

| | | |
|---|---|---|
| ૧ |  | વાંદરું ઝાડ ઉપર બેઠું છે. |
| ૨ |  | બિલાડી પલંગ નીચે છે. |
| ૩ |  | ફૂલદાનીની વચ્ચે ફોટોફ્રેમ છે. |
| ૪ |  | ઉંદર બિલાડીની આગળ દોડે છે. |
| ૫ |  | કૂતરું બિલાડીની પાછળ દોડે છે. |
| ૬ |  | ચૉકલેટ્સ બરણીની અંદર છે. |

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **હવે, આ પ્રશ્નોના જવાબ આપો.**

૧. ચૉકલેટ્સ ક્યાં છે?

૨. બિલાડીની આગળ કોણ દોડે છે?

૩. બિલાડી ક્યાં બેઠી છે?

૪. બરણીની બહાર શું છે?


૫. વાંદરું ક્યાં બેઠું છે?

૬. ફોટોફ્રેમ શેની વચ્ચે મૂકેલી છે?

૭. કૂતરું કોની પાછળ દોડે છે?

- **ચાલો, ગાઈએ ગીતડું : નાનાં અમથાં આજ ભલે ને...**

**ચિત્ર જુઓ. ચિત્રને આપેલ નંબર પ્રમાણે ક્રમમાં વાક્યો લખો.**




૧. ટોમ આંબાની નજીક છે.

૨. જેરી આંબાથી દૂર છે.

૩. ____________________

૪. ____________________

૫. ____________________

૬. ____________________

૭. ____________________

૮. ____________________

**વાક્ય સાચું હોય તો ✓ કરો અને ખોટું હોય તો માત્ર ખોટો ભાગ સુધારો.**

૧. કોશેટામાંથી એક પતંગિયું બહાર આવ્યું. ✓

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૬. હું પહેલી બેન્ચ પર બેસું છું ને સુધા મારી આગળની બેન્ચ પર બેસે છે.


૭. હેલિકૉપ્ટરની ઉપર ફરતો પંખો જોવાની કેવી મજા પડે!


૮. એક મોટા ઝાડની વચ્ચે ચિંકુ, મિંકુ, ટિંકુ અને પિંકુની ટોળકી રમતી હતી.

૯. મેં પહેલી વખત જાતે સેન્ડવિચ બનાવી. હું તેની અંદર મસાલો ભરવાનો જ ભૂલી ગયો.

## બળદગાડાને શાકભાજીથી શણગારો.

બળદનાં શિંગડાં પર ગાજર બાંધો. તેની ડોકે એક ડુંગળી લટકાવો. ગાડામાં જ્યાં ગાડાવાળો બેસે છે ત્યાં પાંચ કોબીજ દોરો. કોબીજની પાછળ બે ફૂલેવર દોરો. ગાડાની પાછળ ત્રણ લીંબુ લટકાવો. પૈડાં પર દસ મરચાં દોરો. બળદની ખૂંધ ઉપર એક કોળું દોરો. તેના આગળના પગે કોથમીરનો ઝૂડો બાંધો.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## સંવાદ મોટેથી વાંચો અને ભજવો.

જિનલ : હાય, આયુષભાઈ.

આયુષ : હેલો, જિનલ.

જિનલ : તમે આ વૅકેશનમાં ક્યાં ગયા હતા?

આયુષ : અમારા ગામડે.

જિનલ : અરે વાહ! તમને ત્યાં કેવું લાગ્યું?

આયુષ : મને તો બહુ મજા પડી.

જિનલ : ત્યાં તમે શું નવું જોયું?

આયુષ : ખેતર. આહા! શું મજા પડી!

જિનલ : એ કેવું હોય?

આયુષ : અરે! બહુ સરસ. ત્યાં એક ચાડિયો પણ હતો.

જિનલ : એ વળી શું હોય!

આયુષ : સમજ ને, જાણે મૂંગોમંતર માણસ જ.

## સાંભળો અને ગાઓ.

### સીમનો સંત્રી



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ચાડિયાના માથે બેસી, પૂછે હોલો બોલી ઘૂ,
ખેતર વચ્ચે ઊભો રહી, ભાઈ! તું કરે છે શું?
આ માટલાનું માથું તારું, ને લાકડાના હાથ,
રાત-દા'ડો ઊભો રહે છે, ના કોઈનોયે સંગાથ.
શરીર આખું પૂળા કેરું, છે ઝભ્ભો ફાટ્યો તૂટ્યો,
ચૂપ થઈને કાં ઊભો, શું કોઈએ આવી લૂંટ્યો?
હોલાભાઈની વાત સાંભળી, પછી ચાડિયો ડોલ્યો,
પટપટાવી આંખો મોટી, ધીમે રહીને બોલ્યો,
એક પગે હું ઊભો રહીને, સાચવું છું ખેતર,
ચકલી, પોપટ દૂર રહે છે, ભાળી ભાગે તેતર.
ચાલું ના હું સ્હેજે તોયે, ઘૂસે નહીં કોઈ ઢોર,
નજર મારી ફરતી રહે છે સીમની ચારેકોર.
ખેતરનો રખેવાળ છું, ભાઈ! સાચો ખેડુ સાથી,
ટાઢ-તાપ ને વરસાદોમાં, ઊભો અડગ આ ભાથી.

- ડૉ. ધર્મેન્દ્ર પટેલ

## વાતચીત :

- તમને કઈ પંક્તિ ગાવાની સૌથી વધુ મજા પડી?
- તમે તમારી માતૃભાષામાં 'ચાડિયા'ને શું કહો છો?
- આખી કવિતામાં કઈ વાત સૌથી વધુ ગમી?
- ચાડિયો ક્યાં જોવા મળે?
- તમે જોયેલો ચાડિયો શામાંથી બનાવેલો હતો?

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**ચારેય વિભાગની લાગુ પડતી બાબતો જોડી વાક્ય બનાવીને બોલો. જો કોઈ ખોટું વાક્ય બોલે તો સુધારો.**

| (અ) | (બ) | (ક) | (ડ) |
|---|---|---|---|
| ચાડિયા | નો | માથું | પૂળાનું બનેલું હતું. |
| | ના | ઝભ્ભો | લાકડાના બનેલા હતા. |
| | | હાથ | એક જ હતો. |
| | નું | શરીર | માટલાનું બનેલું હતું. |
| | | પગ | ફાટેલો હતો. |

**લીટી કરેલા શબ્દની જગ્યાએ કૌંસમાંથી લાગુ પડતા શબ્દ નીચે લીટી કરો ને કૌંસવાળો શબ્દ મૂકીને બોલો.**

૧. ચાડિયાને કોઈનો <u>સંગાથ</u> નહોતો. તે રાત-દિવસ એકલો જ ખેતરમાં ઊભો રહેતો હતો. (હાથ, <u>સાથ</u>, નાથ)

બોલો : ચાડિયાને કોઈનો સાથ નહોતો. તે રાત-દિવસ એકલો જ ખેતરમાં ઊભો રહેતો હતો.

૨. ચાડિયાનું આખું શરીર <u>પૂળાનું</u> બનેલું છે. (ઘાસ કે કડબના મોટા ઝૂડા, બાજરીના લોટના રોટલા, લોટમાંથી બનાવેલી મોટી પૂરી)

૩. ચાડિયો પોતાની જગ્યાએથી સહેજ પણ ચાલતો નથી છતાં તેના હોવા માત્રથી કોઈ <u>ઢોર</u> ખેતરમાં પ્રવેશતાં નથી. (પશુ, પંખી, પક્ષી)

૪. ચાડિયાની નજર <u>સીમમાં</u> ચારે તરફ ફરતી રહે છે. (ખેતરના ખૂણા, ખેતરની હદ, ખેતરમાં બનાવેલો સિમેન્ટનો કૂવો)

૫. ચાડિયો ખેતરનો <u>રખેવાળ</u> કહેવાય. (માલિક, મજૂર, ચોકીદાર)

૬. <u>ટાઢ</u>, તાપ ને વરસાદ - ત્રણેયની ઋતુમાં ચાડિયો તો અડગ બનીને ખેતરમાં ઊભો રહે છે. (સ્વેટર, ઋતુ, ઠંડી)

૭. ઠંડી છે, ગરમી છે કે વરસાદ ચાલુ છે - એવું કશું જ ચાડિયો ધ્યાનમાં ન લે ને અડગ બની ખેતરમાં ઊભો રહે. તે <u>ભાથી</u> છે, તે હાર ન માને. (લડવૈયો, ભારેખમ, ખેલાડી)

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ⬡ આવું વાક્ય કોણ બોલી શકે? ચાડિયો કે હોલો? લખો.

૧. અરે! તું અહીં કેમ ઊભો છે? - ____________

૨. મારા માથે ન બેસ, સામો ઊભો રહીને વાત કર. - ____________

૩. મારો તો અહીં બહુ વટ છે. બધાં પશુપંખી મારાથી બીએ. - ____________

૪. તારો ઝભ્ભો તો જો, કેવો સાવ ફાટેલો છે! - ____________

૫. હું તો એક પગ પર ઊભો રહીનેય આખું ખેતર સાચવું છું. વિચાર, હું બે પગ પર ઊભો રહું તો શું ન કરી શકું! - ____________

૬. તને રાતદિવસ આ રીતે એકલું એકલું ગમે! - ____________

૭. વાહ! તારા હાથ તો લાકડાના છે, જબરું કહેવાય! - ____________

૮. આમ મૂંગો મૂંગો શું ઊભો છે? - ____________

૯. આમ તો હું સહેજ પણ ચાલી શકતો નથી પણ મજાલ છે કોઈ પશુની કે મારા ઈલાકામાં પ્રવેશે! - ____________

૧૦. મેરી નજર ને ઈસ ખેત કો ચારોં ઓર સે ઘેર રખા હૈ. - ____________

- **ચાલો, ગાઈએ ગીતડું : નાનાં અમથાં આજ ભલે ને...**

## ⬡ બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો.

૧. ચાડિયાને જોઈને પશુપંખીઓ ખેતરમાં કેમ નહિ આવતાં હોય?

૨. ચાડિયાએ પોતાને ‘ખેતરનો રખેવાળ’ કેમ કહ્યો છે?

૩. ચાડિયો ન હોય તો ખેડૂતને શી ખોટ જાય?

## ⬡ કવિતામાં આવતા ચાડિયાને આધારે વર્ણન આગળ વધારો.

આજે મેં એક ચાડિયો જોયો. તેનું માથું... ____________

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**સતીશની વાર્તા**

સતીશ ૧૩ વર્ષનો છોકરો છે, તેના પિતાજીએ ખેતી માટે લોન લીધી હતી પરંતુ પાક નિષ્ફળ ગયો. હવે સતીશની માતાએ દર મહિને લોન પેટે ₹ ૫૦૦૦ ચૂકવવા પડે છે. સતીશે કામ કરવાનું શરૂ કર્યું. તે ગામની ૧૭ બકરીઓની સંભાળ (દેખરેખ) રાખે છે. તે એક બકરીદીઠ રોજના દસ રૂપિયા કમાઈ લે છે.

**કમળાબાઈની વાર્તા**

સહકારી સંસ્થાએ ખેડૂતોને મદદ કરવા માટે ગાય આપી. કમળાબાઈને પણ એક ગાય મળી. ગાયની કિંમત ₹ ૧૭,૫૦૦ હતી. તેણે ₹ ૫૫૦૦ ચૂકવ્યા અને બાકીનાં નાણાં સહકારી સંસ્થાએ ચૂકવ્યાં.

**પ્રશ્નો :**

૧. વિદર્ભમાં કઈ સમસ્યા આવી પડી હતી?
   ( ) વરસાદ ઓછો થતો નહોતો તેથી પાક ઓછો ઊગ્યો હતો.
   ( ) વરસાદ આવ્યો નહોતો તેથી પાક ઓછો ઊગ્યો હતો.
   ( ) વરસાદ વધુ આવ્યો હતો તેથી પાક ઓછો ઊગ્યો હતો.

૨. ખેડૂતોને કરવામાં આવેલી મદદની જાણ કોના દ્વારા થઈ?
   ( ) સહકારી સંસ્થા
   ( ) ગામલોકો
   ( ) પત્રકાર

૩. સતીશના ખેતરમાં પાક નિષ્ફળ કેમ ગયો હતો?
   ( ) દુષ્કાળ પડ્યો હતો માટે.
   ( ) સતીશના પિતાજીએ લોન લઈને બી વાવ્યાં હતાં માટે.
   ( ) સતીશ ખેતી કરવામાં સરખું ધ્યાન નહોતો આપતો માટે.

૪. સતીશને કોણે મદદ કરી હતી?
   ( ) સહકારી સંસ્થાએ
   ( ) ગામલોકોએ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## હસવું છે? તો વાંચો.

ચકલો-ચકલી ખેતરમાં ચણતાં હતાં.


ચકલી : અલ્યા! ભાગ જલદી, જો પેલી બાજુ કોઈક માણસ ઊભો છે.

ચકલો : (ધ્યાનથી જોઈને) ચિંતા ન કર, એ ચાડિયો છે.

ચકલી : તને કેવી રીતે ખબર?

ચકલો : તેના હાથમાં મોબાઈલ નથી.

## શબ્દપોટલીમાં શબ્દ ભરો.




## લગભગ સરખા :

**અજાણ**-ખબર ન હોય તે; **અઠેગઠે**-આશરે; **અડગ**-દૃઢ, ડગે નહિ એવું; **અડસટ્ટે**-આશરે; **અમથું**-અમસ્તુ, વિના કારણ; **ઉકેલ**-સૂઝ, નિકાલ, રસ્તો; **ઉપાધિ**-મુશ્કેલી; **કપરું**-મુશ્કેલ, અઘરું; **કોશેટો**-રેશમના કીડાનું ઘર-કોકડું (કીટકની ચાર અવસ્થામાંની ત્રીજી); **ખાડે જવું**-નુકસાન થવું; **ખાર**-ક્ષાર, ખારાશવાળો પદાર્થ; **ચાડી**-એકની વાત બીજાને કહી દેવી તે; **છક્કા છૂટી જવા**-હિંમત હારી જવી; **ડોલવું**-ઝૂલવું, આમતેમ હાલવું;

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in